# ચિત્તલનો ઈતિહાસ



આ એક એવું ગામ છે કે તેનો ઈતિહાસને પાને એક જ લડાઈને કારણે વધુ ઉલ્લેખ આવે છે. બાકી ચિત્તલનો બહુ જાજરમાન ઈતિહાસ મળતો નથી.

ચિત્તલનું નામ પણ કેવી રીતે પડ્યું એના વિશે માત્ર ધારણાઓ જ બાંધીને કોઈ કહી શકે કે પછી કોઈ ભાષાવિદ્ શબ્દની વ્યુત્પત્તિને સમજાવીને ચિત્તલનું નામ કેવી રીતે પડ્યું હશે તે નક્કી કરી શકે. ચિત્તલ એ અમરેલી જિલ્લામાં આવેલું ગામ છે અને ઠેબી નદીના કિનારે વસેલું છે, જસવંતગઢ અને ચિત્તલની વચ્ચે ઠેબી નદીનો એક ભાગ વહી રહ્યો છે. ચિત્તલનો અંદાજે ૩૦૦ વર્ષથી વધારે જૂનો ઈતિહાસ મળ્યો નથી, પરંતુ ઈ.સ.૧૭૯૩ પછી ચિત્તલના ઘેરા પછી તે વધારે પ્રસિદ્ધ બન્યું છે. ચિત્તલ શરૂઆતમાં સરવૈયાઓનું જાગીરી ગામ હતું પરંતુ પછીથી તે ઈ.સ.૧૭૩૫માં વાળાઓએ લઈ લીધું અને છેલ્લે ઈ.સ.૧૯૪૭ સુધી વાળાઓના તાબામાં જ રહ્યું છે.

ચિત્તલ સરવૈયાનું જાગીરી ગામ હતું તેમાં મેંદરડાના સેલારકા વાળાઓ પાળ ઉઘરાવતા હતા, આથી ચિત્તલનું પાળ લીધા પછી તેઓને ચિત્તલની બાજુમાં આવેલા કાઠીદરબારના મુખ્ય થાણારૂપ દેવળિયા પાસેથી પણ પાળ ઉઘરાવવાની ઈચ્છા થઈ અને સેલારકા કાઠીદરબારોએ હુમલો કર્યો અને બન્ને પક્ષો વચ્ચે સુલતાનપુર(તા.ગોંડલ) પાસે ઝીકીયાળી ગામે લડાઈ થઈ તેમાં સેલારકાઓ હારી ગયા પણ ઝીકીયાળીમાં નાજાવાળા મૃત્યુ પામ્યા.

ત્યારે પિતાનું વેર લેવા વીરાવાળા અને જૈતાવાળાએ સેલારકાઓને છોડ્યા નહીં અને ખૂબ જ સંઘર્ષ કરી સેલારકાઓને હરાવ્યા એટલે આપોઆપ ચિત્તલ ઉપર જે સેલારકાઓ પાળ ઉઘરાવતા તે હક્ક આ વાળાઓને મળ્યો. પછી તો ધીરે ધીરે સરવૈયાઓની પાસેથી ચિત્તલ સંપૂર્ણ લઈ લીધું. પછી વાળાઓએ ચિત્તલને પોતાની રાજધાની પણ બનાવ્યું, ચિત્તલને રાજધાની બનાવનાર દેવાવાળાના પુત્ર કુંપાવાળા અને એના પુત્ર નાજાવાળા થયા જેણે રાજધાની માટે આ સ્થળ પસંદ કર્યું હતું.

## ચિત્તલની વસ્તી

ચિત્તલની વસ્તી નીચે મુજબની હતી. ઈ.સ.૧૯૦૧માં ૪૬૨૬, ઈ.સ.૧૯૧૧માં ૪૬૦૯, ઈ.સ.૧૯૨૧માં ૪૫૦૦, ઈ.સ.૧૯૩૧માં ૫૨૪૮, ઈ.સ.૨૦૦૧માં વસ્તી ૭૮૪૪ હતી.

## લડાઈ

ભાવનગર રાજ્ય અને સમસ્ત કાઠીકોમ વચ્ચે ચિત્તલના પાદરમાં ભયંકર મહાસંગ્રામ થયો. ગોહીલો અને કાઠીઓ વચ્ચે આ લડાઈ થવાનું કારણ બાહ્ય રીતે એ હતું કે ખુમાણ બહારવટિયાઓને કાઠીઓ મદદ કરતા હતા તેથી તેને આ લડાઈમાં પછાડી બોધપાઠ આપવો હતો કે ભાવનગર રાજ્ય સામે લડતા કોઈ બહારવટિયાને મદદ ન કરે.

પરંતુ જે કાઠીકોમ ફાટીને ઝેર જેવી બની ગઈ હતી તેને કોઈ કાયદા કે કોઈ સત્તા કે કોઈ હકૂમતની જરાપણ પરવા ન હતી, તેને દબાવવા એ કોઈ નાનીસૂની વાત ન હતી.

કદાચ કાઠીઓની આક્રમકવૃત્તિ અને તેમની સાથે રાજસત્તાઓએ કરેલા વ્યવહારોને હિસાબે જ (દા.ત.૧૮૭૭નો વડોદરા રાજ્યનો ખાલસા ગિરાસ-ધારો) કાઠીઓને વધુ ને વધુ આક્રમક અને ઝનૂની બનાવ્યા હતાં.

કાઠીકોમ એક રીતે ખૂબ જ પ્રેમાળ અને રખાવટવાળી અને શૂરવીરતા પ્રિય અને બહાદુર હતી જ્યારે તેને અન્યાય થયો ત્યારે બેશક પોતાની યુદ્ધનીતિના ધોરણો મુજબ અયોગ્ય રસ્તાઓ અજમાવ્યા હતા, જેના હિસાબે કાઠીઓની ઈતિહાસને પાને અવળી નોંધ મૂકાઈ ગઈ અને એ ઈતિહાસ લખનારાઓને પણ કાઠી સંસ્કૃતિ અને રખાવટનો જાજો અભ્યાસ નહોતો અને વળી ઈતિહાસ મોટા રજવાડાઓએ જ લખાવ્યો હોવાથી કાઠીઓને પ્રમાણમાં ન્યાય આપ્યો નથી અને એક તરફી ઈતિહાસો લખાયા.

જ્યારે કાઠીઓના નાના રજવાડાઓ હોવાથી અને અંદરોઅંદરની ખટપટોને હિસાબે કોઈ ઈતિહાસો લખાવી શક્યા નહીં.

જે કાઠીઓની વીરતા, દાતારી, શૂરવીરતા અને રખાવટની વાતો ચારણો અને બારોટોએ નિશંક નોંધી છે પણ તે બધાને ઈતિહાસકારોએ આજ સુધી જોવાનો જરા પણ પ્રયત્ન કર્યો નથી ને એ બધી વહીઓ અને હસ્તપ્રતો કીડાઓનો શિકાર બની રહી છે.

બાકી જો કાઠીઓને લૂંટારું કે મારફાડ કરનારી પ્રજા તરીકે ઈતિહાસમાં ચીતરી હોય તો જે તે સમયગાળાનો ઈતિહાસ તપાસો એમાં દરેક કાઠીની સમકક્ષ કોમે આવા કાર્યો અને પ્રવૃતિ જરૂર કરેલી માલૂમ પડશે. દરેક ગરાસદારોએ ગરાસ મેળવવા દગા ફટકા અને કૂટનીતિનો ઉપયોગ કર્યો જ હોય છે. દા.ત. ધ્રાંગધ્રા, વાંકાનેર, વીરપુર વગેરેના શાસકોએ આવી પ્રવૃત્તિ કરી જ છે.

કદાચ કાઠીની યુદ્ધ પદ્ધતિ રાજપૂતો કરતા જુદી હોવાથી તેને નબળા બિરુદો મળ્યા અને કદાચ સદાયને માટે ઈતિહાસને પાને નબળી રીતે ચીતરાયા પણ માત્ર એક વાણિયા ઝવેરચંદ મેઘાણીની કલમે કાઠીઓને ન્યાય મળ્યો અને તેના સારા પાસાઓ બહાર આવ્યા અને લોકોએ જાણ્યા. એક વાત એ પણ હોય શકે કે માનવ સ્વભાવ જ એવો હોય છે કે હંમેશાં બળવાન અને સતત સંઘર્ષ કરતી કોમ તરફ લોકોને અરુચિ રહેતી હોય છે, એ ન્યાયે પણ તેના અવગુણો વધુ ગવાયા લાગે છે.

આનો અર્થ એ પણ નહીં કે કાઠીઓએ જોરજુલમો કર્યા નથી પણ સમય પ્રમાણે અન્ય કરતા વધુ પ્રમાણમાં ઝઝૂમ્યા છે.

બાકી તો આજના લોકશાહી યુગમાં પણ કેવા કેવા ગ્રુપો અમુક અમુક ધંધાઓમાં કેવી રીતે લુખ્ખાગીરી ચલાવતા હોય છે એ ન્યાયે વિચારો તો જરૂર કોઈક અંશે સત્ય સમજાય. પરંતુ કદી ઈતિહાસ એક આંખે એક જ કલમે એક પુસ્તકે એક જ વિચારકના વિચારે સમજાતો નથી.

કોઈપણ કોમને સારી નબળી કહેતા પહેલાં પણ ઘણા બધા પાસાનો અને સમયનો વિચાર કરીને જ મૂલવી શકાય. આ લડાઈમાં મુખ્ય ભૂમિકા કાઠી કોમની જ હતી. તેના વિશે વિચારતા આટલું આપને કહેવાનું યોગ્ય સમજું છું.

સાચો ઈતિહાસકાર કદી કોઈની તરફદારી પણ કરતો નથી કે કદી કોઈને નીચા પણ ચીતરતો નથી. આ ન્યાયે યુદ્ધનું તટસ્થ મળેલા આધારોને આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ કાઠી કોમ આ યુદ્ધ પછી કેવી બની એ પણ જોઈ શકાશે કે આ યુદ્ધથી માંડીને છેક

વડોદરા રાજ્યએ ઈ.સ.૧૮૭૭માં ખાલસા ગરાસધારો કર્યો, ત્યાં સુધી ખૂબ જ લડી છે અને પોતાને અને સૌરાષ્ટ્રને ઘણું બધું નુકસાન થયેલું દેખાય છે.

ભાવનગર રાજ્યે ખુમાણ બહારવટિયાઓને કાઠી રજવાડાઓ મદદ કરે છે એ કારણસર ચિત્તલ ઉપર ચડાઈ કરી. આ લડાઈમાં જેતપુરના ચાંપરાજવાળા, કુંપાવાળા ચિત્તલ અને જસદણના વાજસુરખાચર, ભાયાવાળા ચિત્તલ અને કુંડલાના ખુમાણો, પાળિયાદના ઠેબાણી ખાચર, ગઢડા -બોટાદના ગોદડકા ખાચર અને ચોટીલાના રામાણી ખાચર વગેરે વગેરે પોતપોતાની ફોજ સાથે લઈને લડવા આવ્યા હતા અને કાઠીઓને જૂનાગઢના નવાબ હામદખાન પહેલાએ તોપખાનું પૂરું પાડ્યુ હતું. આથી કાઠીઓની સ્થિતિ વધુ મજબૂત બની હતી. જૂનાગઢનું કાઠીઓને મદદ કરવાનું કારણ ત્યારે જૂનાગઢ અને ભાવનગરને પણ દુશ્મનાવટ ઘણા પ્રશ્નોમાં હતી.

ભાવનગર સામે લડવા માટે કાઠીઓએ એના ઈતિહાસમાં સૌપ્રથમ એક થઈ એક સંપ કરીને જબરો પ્રયત્ન કર્યો અને ઉપર લખ્યા મુજબ કાઠીઓ ભેગા થયા અને ભાવનગરને પોતાની તાકાતનો બોધપાઠ આપવા તૈયાર થયા. જ્યારે આ વાતના સમાચાર ભાવનગર પહોંચ્યા ત્યારે તેઓ પહેલાથી જ પૂરતી તૈયારીમાં હતા. હવે તો પ્રથમ હુમલો કોણ કરે તેટલા પૂરતું જ બાકી હતું, ત્યારે આવું વાતાવરણ જોઈ વખતસિંહજીએ પોતાના લશ્કરને ચિત્તલ તરફ કૂચ કરવાનો હુકમ આપી દીધો અને જોત-જોતામાં ભાવનગરની શસ્ત્ર સજ્જ ફોજ ચિત્તલના પાદરમાં આવીને ઊભી રહી ગઈ. આ ફોજની સાથે જબરદસ્ત તોપખાનું પણ હતું.

જ્યારે કાઠીઓએ ચિત્તલમાં ભેગા થવાની પૂરતી તૈયારી કરી લીધી ત્યારે ભાવનગરે વળા(વલભીપુર) અને લાઠીના ગોહીલો અને દેવાણી, વાછાણી, ગોંવિદાણી પેટા શાખાના ગોહીલો અને ગોવાળિયાઓને (કાઠીઓમાં શાખાયતની એક અટક) એકઠા કરી આ યુદ્ધમાં લડવા માટે ભેગા કર્યા અને કાઠીઓ હુમલો કરે એ પહેલાં જ તેને દબાવી દેવાનું નક્કી કર્યું હતું.

જ્યારે આવી પરિસ્થિતિ આવીને ઊભી રહી ત્યારે કાઠી આલમ વિચારવા લાગી કે આપણને આવા મોટા લશ્કર સાથે મેદાની યુદ્ધમાં તો લડવાનું બહુ ફાવશે નહીં કારણ કે કાઠીઓ છાપા મારી લડાઈ કરવામાં પાવરધા હતા અને વળી કેળવાયેલું લશ્કર અને શસ્ત્રોની પણ પ્રમાણમાં તંગી હતી. માત્ર કાઠીઓ પાસે ઝનૂન અને મરી ફીટવાની ભાવના જ આ યુદ્ધમાં કામ કરે તેમ હતી. જે કોમે સૌરાષ્ટ્રમાં ૪૦૦ વર્ષથી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો પણ મોટા રજવાડા ઊભા કરવાની બાબતમાં તેના જ્ઞાતિગત રિવાજને હિસાબે પાછળ રહ્યા હતા.

આવે સમયે ઈ.સ.૧૭૯૩માં મહારાજા વખતસિંહજી ઉર્ફે આતાભાઈએ ચિત્તલ ઉપર ઘેરો ઘાલ્યો ત્યારે કાઠી સંઘે ચિત્તલના દરવાજા અંદરથી બંધ કરી દીધા. બહાર લડવા ન આવ્યા એટલે વખતસિંહજીના લશ્કરની કાઠીઓને રફેદફે કરવાની ઈચ્છા મનની મનમાં જ રહી ગઈ.

હવે શું કરવું એ પ્રશ્ન હતો ત્યારે ચિત્તલનો ઘેરો સતત ચાલુ રાખીને શક્ય એટલો તોપમારો કરીને કાઠીઓને થકવી નાંખવા એમ નક્કી થયું અને આ ઘેરો સતત ૪૦ દિવસ સુધી રહ્યો ત્યારે વખતસિંહજીએ કંટાળીને આખરે કિલ્લા ઉપર જ તોપમારો કરવાનો હુકમ કર્યો કે કિલ્લાને જમીનદોસ્ત કરી નાંખવો પડે તો કરી નાંખો. આ તોપમારો આખી રાત ચાલ્યો એટલા જ બળથી કાઠીઓએ પણ અંદરથી અવિરત તોપમારો ચાલુ રાખ્યો. આ સમયે ભાવનગરનું નસીબ જોર કરતું હતું અને કાઠીઓનું નસીબ પીછેહટ કરતું હતું. ત્યારે ભાવનગરના એક શૂરવીર સૈનિકે તોપમારો ઓછો થતા ધ્યાન ચૂકવીને કિલ્લાની અંદર ઘૂસી જઈને તોપોને નકામી બનાવી દીધી.

આથી બીજા દિવસની સવારે કાઠીઓનો તોપમારો જેવો બંધ થયો કે તાત્કાલિક ભાવનગરની ફોજે એકસામટો હુમલો કરી કિલ્લામાં પેશી ગયા આ રીતે કાઠીઓ પોતાના ચૂલા સુધી ફોજને આવી ગયેલી ભાળી ગયા ત્યારે ભાગ્યા જ્યારે કુંપાવાળાના ભાઈ ભાયાવાળા ભાવનગરની ફોજના હાથે ઝડપાય ગયા.

ભાવનગરે આવી દેખીતી જીત દેખી વધુ ઉત્સાહમાં

આવી ભાગતા કાઠી સંઘનો પીછો પકડ્યો અને કુંકાવાવ સુધી અને ગઢડા, બોટાદ સુધી ફોજો ગઈ પણ પછી અડધેથી વધુ આગળ જવાનું નામુનાસિબ માની પાછી વળી ગઈ. જ્યારે બીજી બાજુ ચિત્તલને ભાવનગરે કબ્જે કરી લીધું અને ભાયાવાળાને છોડી મૂકવામાં આવ્યા.

આપણા મનમાં અહીં એ પ્રશ્ન થાય છે કે આટલા ૪૦ દિવસના લડ્યા વિનાના ઘેરામાં અને બે દિવસના યુદ્ધમાં આ લડાઈની મોટી કીર્તિ ગાવામાં આવે છે કે જોયો ચિત્તલનો ઘેરો, પણ અહીં સમજવાનું એ છે કે એક મોટા પ્રથમ વર્ગના સારા રજવાડા સાથે જોરાવર અને બળૂકી કોમ એક આખો સંઘ ઊભો કરીને લડવા ઊભી થઈ હતી અને આ ઘેરા વખતે ચિત્તલ ગામ જરૂર ખેદાનમેદાન થયું હશે. કારણ કે આ લડાઈ મેદાનમાં નહીં પરંતુ ગામમાં લડાઈ હતી. તે રીતે વિશિષ્ટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં નોંધપાત્ર અને નવીન હતી. આ લડાઈ પછી બુદ્ધિશાળી વખતસિંહજીએ કાઠીઓને દેશવટો દેવાનું નક્કી કર્યુ.

વખતસિંહજીએ નકકી કર્યુ કે કાઠી કોમને સૌરાષ્ટ્ર-માંથી હાંકી કાઢીએ તો જ આપણે કાયમને માટે શાંતિથી રાજ કરી શકશું. આ માટે ભાવનગરે સમગ્ર સૌરાષ્ટ્રનાં રાજપૂતોને સંદેશા મોકલાવી દીધા કે કાઠીઓ માટે એક સભા ભાવનગર ફલાણે દિવસે મળવાની છે. પછી તો કાગળ લખાઈ ગયા અને હવે આ રાજપૂત સંઘના નિર્ણયની આખા સૌરાષ્ટ્રને વાટ હતી કે હવે શું નું શું થશે ? સામે પક્ષે કાઠી જ્ઞાતિ પણ વિમાસણમાં મુકાઈ ગઈ હતી કે શું પળવારનાં નિર્ણયમાં પૂર્વજોનાં ૪૦૦ વર્ષનાં પરાક્રમે મેળવેલો ગરાસ મુકાવી દેશે ?

આવા સમયે મુત્સદ્દી અને ઠરેલ બુદ્ધિનાં કાઠી ગલઢેરાઓએ રસ્તો દેખાડ્યો કે ચાલો હવે આપણે પાળિયાદનાં વિસામણ બાપુનાં પગે પડીએ અને એ જે નિર્ણય આપે તેમ કરીએ. બધા પાળિયાદ આપા વિસામણ બાપુ પાસે ગયા અને ભાવનગરની આખી કોમ પ્રત્યેની આવી દુશ્મનાવટની વાત કરી. વિસામણ બાપુ કહે ‘‘અરે ! એવું થોડું બને કે કાઠી કોમને દેશવટો અપાય ?’’

વિસામણ બાપુ કહે ‘‘એવું તો નહીં બને પણ આપણે ઠાકર આગળ પસ્તાવો કરીએ અને હવેથી આપણું જીવન બદલી નાંખવુ અને બીજાને પણ એ રસ્તે દોરી જવા’’ આથી કાઠી ડાયરાઓએ જગ્યામાં ઠાકર પાસે માંગણી કરી. હવે તો ભાવનગરમાં નિર્ણય થવાને થોડો જ સમય બાકી રહ્યો છે, ત્યારે વિસામણ બાપુનાં ભગત વઢવાણ ઠાકોરસાહેબ પૃથ્વીરાજજી પાળિયાદ આવ્યા અને વિસામણ બાપુને કહે બાપુ આખી કોમને દેશવટો દેવાય એ આપના બેઠા બેઠા થોડું જોવાય.

પૃથ્વીરાજજી કહે ‘‘હું કાલે ભાવનગર જવાનો છું. (એક ઉલ્લેખ એવો મળે છે કે શરતચૂકથી ભાવનગરની એ સભામાં પૃથ્વીરાજજીને આમંત્રણ આપવાનું ભુલાઈ ગયું હતું તેથી તેણે પોતાનું અપમાન સમજીને કાઠીઓનો પક્ષ લીધો હતો. સ્વામી જેઠમલજી ‘સૌરાષ્ટ્રના મધ્યકાળના અંધાધૂંધીનો ઈતિહાસ’ પૃ.૧૭.) પણ ભાવનગરનાં આવા અમાનવીય કઠોર નિર્ણયનો વિરોધ કરીશ કે આવું થોડું કરાય ?’’ વિસામણ બાપુ કહે ‘‘જાવ પથુભા ઠાકર તમને સહાય કરશે.’’

ભાવનગરમાં સભા મળી દરેક રજવાડાએ કાઠીને ધરમૂળમાંથી કાઢી નાંખવા જાતજાતનાં વ્યૂહો બતાવ્યા હશે ત્યારે વઢવાણ ઠાકોર સાહેબ પૃથ્વીરાજજી બોલ્યા કે શું એ શક્ય બને એ શું કામ લડે છે ? એ જાણો છો એ કાંઈ સીધી રીતે ભાગી જાય એવા પોચટ નથી અને સૌરાષ્ટ્રની પ્રજા સાથે તેને પણ રખાવટનાં સંબંધો છે, લોકો તેને પણ મદદ કરશે. છેલ્લે તો પથુભા બોલ્યા કે ‘‘સૌરાષ્ટ્રનાં સમસ્ત કાઠીઓને હું મારા રાજમાં વસાવીસ પણ આવા કાર્યમાં સાથ તો નહીં જ આપું.’’એટલું કહી સભા છોડી ચાલ્યા ગયા હતા.

આવો પ્રેમ વઢવાણને કાઠીઓ માટે હતો પછી તો સભામાં કોઈ નિર્ણય લેવાયો નહીં અને આખરે કાઠીઓ અને ભાવનગર વચ્ચે સમાધાન થયું. કાઠી કોમનું ભલું આપા વિસામણનાં એક ચમત્કારે થયું હતું એવું બુઝુર્ગો ખૂબ જ શ્રદ્ધાથી માની રહ્યા છે.

પરંતુ એ તો પછી શક્ય ન બન્યુ ત્યારે વખતસિંહજીએ કાઠીઓ સાથે સમાધાન કરી લીધું, કાઠીઓએ એવી શરત મૂકી કે જો ચિત્તલ પાછું આપી

દો તો સમાધાન કરીએ, આ વાત ભાવનગરે સ્વીકારી લીધી અને કાઠીઓને કહ્યું કે હવે તમારે ભાવનગર સામે બહારવટુ રાખવું નહીં કે કોઈ બહારવટિયાને કોઈપણ પ્રકારની મદદ કરવી નહીં. સંઘમાં ભળેલા બધા જ આગેવાનો સાથે પણ સમાધાન થયું અને ઈ.સ.૧૭૯૭માં ચિત્તલ પાછું વાળાઓને સોંપી દેવાયું.

આ લડાઈની એક જાણવા જેવી વાત એવી છે કે વખતસિંહજી કેવા બુદ્ધિશાળી કે કાઠી જેવી જોરાવર કોમ સાથે લડ્યા અને બુદ્ધિપૂર્વક સમાધાન પણ કરી લીધું કે આની સાથે વેર રાખવામાં માલ નથી બાકી તો કાઠીઓને આ લડાઈમાં સારો પરચો તો મળી જ ગયો હતો. જો કે આ સમાધાનથી કાઠીઓને પણ ખૂબ જ ફાયદો થયો અને એક મોટી સત્તા સાથે લડીને પણ હાર્યા છતાં જીત્યા જેવો સૌરાષ્ટ્રમાં પડઘો પડ્યો. કાઠીઓને ચિત્તલ સોંપાતા ચિત્તલે પણ થોડા વર્ષોમાં પાછી આબાદી મેળવી લીધી અને કાઠીઓની સૌરાષ્ટ્રમાં અનેરી છાપ પડી અને જૂનાગઢ નવાબે તો કાઠીઓને સાચવવા પરગણા પણ આપ્યા હતા.

## ચિત્તલની લડાઈના ચિત્રો

મહારાજા વખતસિંહજીએ ચિત્તલની લડાઈને અનેરો ઓપ આપવા જાકમજોળથી ચિત્રો દોરાવવાનું નક્કી કર્યુ અને તેમણે શિહોરના દરબારગઢમાં ત્રીજા માળની એક મેડી ઉપર ચિત્રો ભૂજના(કચ્છ) કારીગર પાસે દોરાવ્યા, જે ચિત્રોમાં ચિત્તલની લડાઈની વિજય યાત્રા બતાવવામાં આવી છે. આ ચિત્રોમાંથી લડાઈમાં ભાગ લીધેલા પાત્રો, સૈનિકો અને હથિયારોનો આપણને પરિચય મળે છે. આ વિજય સવારીના ચિત્રમાં વખતસિંહજીના ભાલા ઉપર કાળીદેવ નામની ચકલી બેઠેલી બતાવવામાં આવી છે. લોકો એવું માનતા કે મહારાજાને પક્ષીના રૂપમાં દેવી આવીને બેસીને સહાય કરતા હતા.

આ વિજય ઘેરામાં જે સૈનિકો છે તેના હાથમાં ભાલા, બરછી, તલવાર, જમૈયા, ઢાલ અને બખ્તર અને બંદૂકો જોવા મળે છે. તોપનો ગોલંદાજ ફિરંગી હતો. આ સિવાય નાગર, વાણિયા, બ્રાહ્મણ, રજપૂત વગેરેએ પણ આ યુદ્ધમાં ભાગ લીધો હશે તેવું ચિત્ર ઉપરથી જાણાય છે.

સૈનિકોનો પોશાક જ્ઞાતિ અનુસાર દેખાય છે, બ્રાહ્મણ તથા નાગરોનો પોશાક સરખો હતો, રાજપૂતો ફેટા બાંધેલા ને ઘુઘી ને બખ્તરવાળા હતા. કોઈક સૈનિકોએ ચોરણો પહેરેલો અને ભેટ વાળેલા અને ધોતિયાવાળા પણ જાણાય છે, આ ધોતિયાવાળા સૈનિક નવાઈ પમાડે છે ! ઘોડાઓ ઉપર સામાન દેશી જ હતો. ઘોડાને ઉપર ઘુઘી ચડાવી સૂંઢ પણ રાખતા અને તોપોને રેંકડા ઉપર લઈ જવાતી માલૂમ પડે છે. આ લડાઈના ચિત્રોનો પછીથી ભાવનગર રાજ્યે ગંજીપતો પણ બહાર પાડ્યો હતો.



લડાઈના ચિત્રો

## યુદ્ધમાં લડનારાઓ

આ લડાઈ કાઠીઓ અને ભાવનગર વચ્ચેની હતી. તેમાં કાઠીઓના પક્ષે લગભગ સમગ્ર કાઠી કોમ હતી. જ્યારે ભાવનગર રાજ્યની ફોજમાં ઘણા બધા નામી અને ખ્યાતિ પામેલ વ્યક્તિઓ હતા. સૈન્યના બે વિભાગો પાડ્યા હતા. તેમાં રાજપૂતોના સેનાપતિ ભા દેવાણી હતા (જોકે એક મત મુજબ ભા દેવાણી નહીં પણ



કમાંગરી શૈલીના ચિત્રો


તેના પુત્ર નથુભાઈ હતા.) હિન્દુ દળના સેનાપતિ રૂપજી વાઘજી દેસાઈ હતા, તેઓ વખતસિંહજીના કારભારી હોવા ઉપરાંત યુદ્ધ કળામાં નિપૂણ અને સફળ ગોંલદાજ હતા, તેમણે લડાઈમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો, આ કારભારીને પગે જરાક ખોટ હોવા છતાં તેમણે ભાવનગરની ઘણી લડાઈઓમાં ભાગ લીધો હતો.

આ લડાઈ ભાવનગર અને કાઠી કોમ વચ્ચેની હોવા છતાં ભાવનગરના પક્ષે કાઠી જ્ઞાતિનો માંચા લાખા ગોવાળિયા નામનો એક શૂરવીર સરદાર પોતાની પંચ કલ્યાણી ઘોડી લઈ પોતાના ભાયાતોને સાથે લઈ જઈને ભાવનગરના પક્ષે રહીને બહાદુરીથી લડ્યો અને વિજય મેળવવામાં પોતાનું અનેરું યોગદાન નોંધાવ્યું. વળી આ માંચો ગોવાળિયો ચપળ સવાર હતો અને તેનો દાદો વિકો ગોવાળિયો પણ વિખ્યાત સવાર હતો.

આ લડાઈમાંથી એ પણ જાણવા મળે છે કે ઈ.સ.૧૭૯૩ સુધી બ્રાહ્મણો પણ લશ્કરમાં હતા. જે ભાવનગરનો કામદાર લવજી દવે અને તેના પિતા ડોસા દવે બન્ને પિતા પુત્રએ યુદ્ધમાં ભાગ લીધો પણ અહીં ૪૦ દિવસ ઘેરો રહેવાથી બ્રાહ્મણોનું પ્રિય ભોજન લાડુ તેના માણસોને જમાડતો, આ સમયે કોઈ ગરાસિયાએ ફરિયાદ કરી કે આ દવે તો લાડવાની જયાફત જ ઉડાડે છે અને અમે જુવાર બાજરાના રોટલા ખાઈએ છીએ.

જયારે મહારાજાએ આની તપાસ કરી ત્યારે ડોસા દવે કહે મહારાજ આ લાડુના ગોળા ચિત્તલનો કોટ તોડવામાં મદદ કરશે તેવા તો તોપના ગોળાય પણ નહીં કામ કરે, માટે બ્રાહ્મણોને જમાડી આશીર્વાદ લેવા એ જ સારું છે. પછી ખરેખર ભાવનગરને વિજય પણ મળ્યો, ત્યારે ડોસા દવેએ કહ્યું કે મારી વાત સાચી પડી છે એમ કહીને ભાવનગરમાં ચોરાસી કરાવી હતી.

આ લડાઈમાં રાઓલ પથાભાઈ કાયાભાઈ બખ્તર પહેરીને બખ્તરવાળી શણગારેલી ઘોડી ઉપર બેસીને



ચિત્તલની લડાઈનું ચિત્ર

લડ્યા હતા. લખુભા વાછાણી નામના ગોહીલ પણ બખ્તર પહેરી લડ્યા અને પોતાના લાલ ઘોડાને કૂદાવતા ભાલાનો ઘા દુશ્મન ઉપર કરતા હતા. ભાવનગરની ફોજમાં બે સફળ ફિરંગી ગોંલદાજો હતા, જેમાં એક ગોંલદાજે દરવાજો તોડતી વખતે બાજુમાં બાંધેલી ગાય અને વાંદરાને જરા પણ ઈજા ન થાય તે રીતે ગોળો છોડી દરવાજો તોડ્યો હતો. ઢાંકવાળા જગાભાઈ ખીમાભાઈએ વખતસિંહજીના સાળા હતા તે પણ આ લડાઈમાં ભાગ લેવા આવ્યા હતા અને તેના મોરચે તેણે પોતાની ટૂકડી સાથે વિજય મેળવ્યો હતો.

## લડાઈની યાદગીરી

આ વિખ્યાત લડાઈની યાદગીરી રૂપ આજે આપણી પાસે શિહોરના દરબારગઢમાં ચિત્રો જોવા મળે છે. આ સિવાય લડાઈ વખતે ચિત્તલમાંથી એક ગાડું લઈ આવ્યા હતા અને તે દામાજીને ત્યાં હતું અને પછી તે કોળીયાકના બાવાજીને આપી દેવાયું હતું. તે આ લડાઈની યાદગીરી રૂપ હતું. પરંતુ આ ગાડું કેમ લઈ આવ્યા એની શું અગત્યતા છે કે આ ગાડું કેવી રીતે પકડાયું અને તે દામાજી કોણ હતા ? એની વિગતો મળતી નથી. કદાચ કાઠીઓ આ ગાડામાં હથિયારો લાવતા હોય કે તોપ ફેરવતા હોય એવું બની શકે.

## ચિત્તલની લડાઈમાંથી પ્રગટ થતા મુદાઓ

(૧) આ લડાઈ ખૂબ જ પ્રસિદ્ધ બની અને બન્ને જોરાવરો એવા બધા મોટા સંઘ કરી લડ્યા હતા એનું કારણ એ હતું કે ભાવનગરને કાઠીદરબારોએ ઘણા બધા વર્ષો સુધી સતત હેરાન પરેશાન કર્યુ હતું અને દરેક વખતે આ ખુમાણ કાઠીદરબારો પાછા પડેલા પણ તેનાથી ઊલટા ઝનૂનથી તેઓ ભાવનગર સામે લડતા હતા. આથી વખતસિંહજી અને કાઠીદરબારો સામસામા એકબીજા એકબીજાની આંખોમાં કણાની જેમ ખૂંચી રહ્યા હતા.

(૨) ચિત્તલના ઘેરા પછી યુદ્ધ વખતે ભાયાવાળાને પકડ્યા હતા તેને પછી તરત જ છોડી દેવામાં આવ્યા. તેની પાછળ પણ વખતસિંહજીની મુત્સદ્દીગીરી અને કાઠીદરબારોની તાકાત દેખાય છે. વખતસિંહજી બરાબર સમજતા હતા કે કાઠીદરબારો સાથે જૂનાગઢના નવાબ પણ ભળ્યા છે, તેથી ભવિષ્યમાં પણ કાઠીદરબારો ફરીવાર સંયુક્ત તાકાત અજમાવવા પ્રયત્ન કરે તો જીતેલા પ્રદેશોનું રક્ષણ કરવું અઘરું થઈ પડે. વળી કાઠીદરબારો સાથેના સતત યુદ્ધોને હિસાબે રાજ્યની તિજોરી પણ નબળી પડી હશે. ભાવનગરે છેલ્લે છેલ્લે તો ખુમાણો સાથે પણ સમાધાન કરી લીધું અને ચિત્તલ કુંપાવાળાને સોંપી દીધું.

## ચિત્તલ વિશેના મહાવરાઓ

ચિત્તલ એ વાળાઓની રાજધાની અને આ લડાઈને હિસાબે ખૂબ જ પ્રખ્યાત બન્યું એ જ રીતે ચિત્તલ વિશે થોડાક અભણ અને કોઠસૂઝવાળા લોકોએ મહાવરા કે કહેવતો પ્રચલિત કરી.

(૧) પડ્યું છે ચિત્તલના પાદર જેવું.

(૨) કરી નાંખ્યુ છે ચિત્તલના પાદર જેવું.

(૩) *ચિત્તલમાં ન દેવી દીકરી, શેડુભારમાં ન દેવો ઢાંઢો,*
*અમરેલીમાં વરાવવો ન છોકરો, ભલે રીયે વાંઢો.*

આવા મહાવરાઓ કે કહેવત શ્રી ઝવેરચંદ મેઘાણીએ નોંધેલ છે. આ કહેવત પાછળ માત્ર એટલી વાતો અને ઈતિહાસ અને ભૂગોળ છુપાયેલી છે કે માણસ જ્યારે કોઈ જગ્યાએ ઉજ્જડ કે નુકસાની પામેલું કશું જુએ ત્યારે ચિત્તલની લડાઈ પછી જે ચિત્તલ ખેદાનમેદાન થયું હતું તેનુ રૂપક વાપરે છે, આમાં માત્ર ચિત્તલની લડાઈની યાદગીરી અને એ લડાઈમાં ચિત્તલ ગામને ભયંકર નુકસાની થઈ હતી એ વાત છુપાયેલી છે.

ત્રીજી કહેવતમાં લોકોએ ચિત્તલની ભૂગોળને સાંકળી લીધી છે, કારણ કે ચિત્તલમાં પાણીની ખૂબ જ તંગી રહેતી અને ગામની વહુઓને ગામ બહાર ત્રણ ચાર માઈલ દૂર પાણી ભરવા જવું પડતું હતું. વળી પાછા એટલા બધા કામ હોય અને પાણી આટલું દૂર તેથી લોકોએ આ કહેવત શરૂ કરી અને ચિત્તલમાં દીકરી ન દેવા બાબતે અણગમો દર્શાવ્યો છે. આથી એમાંથી આપણને

ચિત્તલની સૂકી ભૂગોળ જાણવા મળે છે. જ્યારે શેડુભારમાં ખૂબ જ પાણી હોવાથી જો ત્યાં બળદ વેચવામાં આવે તો તેને ત્યાં દરરોજ કોશે જોડાવું પડે, તેથી ત્યાં બળદ આપવાની ના પાડી છે અને અમરેલીમાં ગાયકવાડના રાજ્યમાં ફરજિયાત કન્યા કેળવણી હોવાથી દરેક દીકરી ભણેલી જ હોય તેથી અભણ છોકરાને ગાંઠે નહીં તેથી ત્યાં દીકરો પરણાવવાની ના પાડી છે.

## ચિત્તલની લડાઇના દુહાઓ

ચિત્તલની લડાઈ બાબતે થોડા ઘણા દુહાઓ પણ આપણને પ્રાપ્ત થાય છે. જેમાંથી લડાઈનો થોડોક ઈતિહાસ મળે છે.

(૧) *જગ જીત્યો જોધ વખતસિંહ જાણું,*
*ઘણો દેતે ગયુ દુઝાણું,*
*થાણા ઉપર આયું થાણું,*
*કુંપાવાળા આતે કાણું ?*

(૨) *ચિત્તલ ગામ ન ખાધો ચોળી,*
*ગેબ તણી કંઈ વરસે ગોળી,*
*હાલકલોળ મચાયો હોળી,*
*ટંડી બજારે ટાંગાટોળી.*

(૩) *તેગ ન તાણી ત્રુટો ત્રાપો,*
*જૂનાગઢનો લીધો ઝાંપો,*
*કુંપાવાળા છોડો કાપો,*
*આંસોદરને સલડી આપો.*

(૪) *ખાડું દૂધ ઘણા દી ખાધા,*
*જેતપરે દી સારા જાતા,*
*ઈંટીકીટીને તે આતા,*
*છોડી દીયો તો થાવે શાતા.*

(૫) *ગણા મવા તબાજુ ગાળી,*
*ચોરાસી બંદર આવ્યા ચાલી,*
*કંપા વાત મ તાણે કાળી,*
*ચિત્તળ જાશે મારગ ચાલી.*

## વિહો ડેર અને ચિત્તલ

ચિત્તલથી બે કિ.મી. દૂર બાબરા રોડ ઉપર વિહા ડેરનો પાળિયો (ઘડ્યા વગરના પથ્થરનો) એક ખુલ્લા મંદિરમાં છે. જ્યારે ભાવનગરે ચિત્તલ ઉપર ચડાઈ કરી ત્યારે વિહો ડેર ખેતરમાં સાંતી હાંકી રહ્યો હતો ત્યાં તેને કોઈએ સમાચાર આપ્યા કે તમારા ચિત્તલમાં રહેતા મોટાભાઈ વાશિયાંગ ડેરને ભાવનગરની ફોજે મારી નાંખ્યો છે. જે વાશિયાંગ ડેર ચિત્તલ દરબાર ભેગો રહેતો માનીતો માણસ હતો. જે વાશિયાંગ ડેર પણ આ લડાઈમાં લડતા જ મરાયો. પણ તેના મૃત્યુના સમાચાર ભાઈએ ખેતરમાં જેવા સાંભળ્યા કે તરત જ હાથ પડ્યું તે હથિયાર ગણી સાંતીની રાંપ કાઢીને ચિત્તલ બહાર ઊભેલા લશ્કર ઉપર તૂટી પડચો પણ ભાવનગરની ફોજે તેનું માથું પળવારમાં ઉતારી લીધું ત્યારે ધડ લડતું રહ્યું અને ફોજ પાછળ પડે છે અને છેક વાંડળિયા સુધી ગયું અને ત્યાં પડ્યું તેથી આ વિહા ડેરની એક ખાંભી તે વાંડળિયાની સીમમાં છે અને બીજી ખાંભી ચિત્તલમાં ઊભી કરવામાં આવેલી છે.

કુંપાવાળાએ આ ડેર બંધુઓની ગામ પ્રત્યેની અને વાળાઓ પ્રત્યેની લાગણીની કદર કરીને ચિત્તલથી બે કિલોમીટર દૂર આવેલું મોણપુર ગામ આપ્યું હતું ત્યાં તેના વંશજો તે ગામનો ગરાસ ખાતા હતા. આ વિહા ડેરનું ધડ લડ્યું તેની પાછળ પણ ધાર્મિક માન્યતા છે કે તેને પીઠડ માતાજીની સહાય મળી હતી. આતાભાઈએ આ ધડને અણનમ લડતું જોઈ માતાજીને પૂછ્યું કે માતાજી મેં રજા લઈ ચિત્તલ ઉપર ચડાઈ કરી હતી તો પણ આમ કેમ ? ત્યારે માતાજી કહે તેના ખોળે પીઠડ માતાજી છે. ત્યારે વખતસિંહજીએ વિહા ડેર ઉપર ગળીનો દોરો નાંખી અભડાવ્યું. આ વિહા ડેરને તો આજે દરરોજ અસંખ્ય લોકો જુદી જુદી માનતાઓ ચડાવવા આવતા આ લખનારે પોતાના સંશોધન પ્રવાસ દરમિયાન જોયા છે. આ વિહા ડેરના પાળિયાએ એક ખાખી મહાત્મા વલ્લભદાસ ગુરુ રામદાસ રહે છે.

આ સિવાય પણ ચિત્તલની લડાઈમાં એક બીજા આહીરે ભાગ લીધાનો ઉલ્લેખ મળે છે, તે લુંગાળુ ગામનો જાદવ ડાંગર હતો. જેણે એકલાએ પોતાના બાહુબળથી ગોંલદાજોને મારી દુશ્મનોની તોપો નકામી બનાવી દીધી હતી.